# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*******************************************************

1) EPFO હેઠળ વેતન મર્યાદામાં સુધારો કરવા ચાર મહિનાની સમયમર્યાદામાં નિર્ણય લેવા કેન્દ્ર સરકારને સર્વોચ્ચ અદાલતનો આદેશ.

2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હી ખાતે કોર્પોરેટ સામાજિક જવાબદારી-CSR પરિષદનું ઉદ્ઘાટન કરશે.

3) ચૂંટણી પંચ આજે ઉત્તર પ્રદેશની ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિધ્ધ કરશે.

4) શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે કન્નડ, તેલુગુ, મલયાલમ અને ઓડિયા ભાષામાં ૪૧ સાહિત્યિક કૃતિઓનું વિમોચન કરશે.

5) વેનેઝુએલાના નેતા માદુરોએ અમેરીકી ફેડરલ કોર્ટમાં હાજરી દરમિયાન પોતાને નિર્દોષ ગણાવ્યા- વેનેઝુએલાની સરકારે દેશમાં વિદેશી હસ્તક્ષેપ સામે હુકમનામુ બહાર પાડ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SC-EPFO

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન-EPFOને કર્મચારી ભવિષ્ય નિધિ યોજના (EPFS) હેઠળ વેતન મર્યાદામાં સુધારો કરવા અંગે ચાર મહિનાની અંદર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને અતુલ એસ. ચાંદુરકરની બેન્ચે એક જાહેર હિતની અરજી (PIL)ની સુનાવણી દરમિયાન આ નિર્દેશો આપ્યા હતા. અરજીમાં જણાવાયું હતું કે વેતન મર્યાદામાં કોઈ ફેરફાર ન થવાને કારણે, કામદારોનો મોટો વર્ગ EPFO ના કાર્યક્ષેત્રમાંથી બહાર રહી ગયો છે. EPFS એક સામાજિક કલ્યાણ યોજના છે જેનો હેતુ સંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવાનો છે.

છેલ્લા 11 વર્ષથી આ વેતન યથાવત છે. અદાલતમાં દાખલ કરાયેલી અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે દર મહિને 15,000ની વર્તમાન વેતન મર્યાદા મનસ્વી અને અતાર્કિક છે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હી ખાતે કોર્પોરેટ સામાજિક જવાબદારી-CSR પરિષદનું ઉદ્ઘાટન કરશે.

"પોષણ સુરક્ષા અને કુપોષણ નિવારણમાં કોર્પોરેટ સામાજિક જવાબદારીની ભૂમિકા" શીર્ષક હેઠળ યોજાનારી આ પરિષદનો હેતુ બાળ કુપોષણને દૂર કરવા માટે સહયોગી, નવીન અને ટકાઉ વ્યૂહરચનાઓની ચર્ચા કરવાનો છે.

આ કાર્યક્રમ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ - NDDB દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. પરિષદ દરમિયાન, શ્રી શાહ છત્તીસગઢમાં SAIL-ભિલાઈ સ્ટીલ પ્લાન્ટની CSR પહેલ અને ગિફ્ટ મિલ્ક પ્રોગ્રામના ત્રીજા તબક્કાનું ઉદ્ઘાટન કરશે. આ પહેલથી ભિલાઈ સ્ટીલ પ્લાન્ટના ખાણકામ વિસ્તારોમાં સ્થિત સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા આશરે 4,000 બાળકોને લાભ થશે.

આ કાર્યક્રમ હેઠળ, NDDB છત્તીસગઢ મિલ્ક ફેડરેશન દ્વારા વિટામિન A અને Dથી સમૃદ્ધ દૂધ પૂરું પાડશે. વધુમાં, કેન્દ્રીય સહકાર મંત્રી IDBI ની CSR પહેલ, શિશુ સંજીવની કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રોમાં ભણતા આશરે 3,000 બાળકોને પોષણ પૂરું પાડશે.

# MORN.UP SIR UPDATED

ચૂંટણી પંચ, ચાલુ SIR પ્રક્રિયા બાદ આજે ઉત્તર પ્રદેશ માટે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરશે. ડ્રાફ્ટ મતદાર યાદી મૂળ 31 ડિસેમ્બરના રોજ પ્રકાશિત થવાની હતી.

ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું કે દાવાઓ અને વાંધા સ્વીકારવાનો સમયગાળો 6 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુધીનો છે. દાવાઓ અને વાંધાનો નિર્ણય 6 જાન્યુઆરીથી 27 ફેબ્રુઆરી, સુધી નોટિસ તબક્કા દરમિયાન કરવામાં આવશે.

મતદાર યાદીનું અંતિમ પ્રકાશન 6 માર્ચના રોજ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે બધા ગણતરી ફોર્મ ડિજિટાઇઝ્ડ થઈ ગયા છે.

# PRADHAN-LANGUAGE-EVENT

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે નવી દિલ્હીમાં કન્નડ, તેલુગુ, મલયાલમ અને ઓડિયા ભાષામાં સેન્ટર્સ ઓફ એક્સેલન્સ દ્વારા વિકસિત 41 સાહિત્યિક કૃતિઓનું વિમોચન કરશે.

આ કૃતિઓ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયન લેંગ્વેજીસ હેઠળ વિકસાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ તમિલ દ્વારા પ્રકાશિત 13 પુસ્તકો તેમજ તિરુક્કુરલની 45-એપિસોડની સાંકેતિક ભાષા અર્થઘટન શ્રેણીનું વિમોચન પણ કરાશે.

# UP-DIGITAL-LIBRARIES

ઉત્તર પ્રદેશ સરકારે ગ્રામ પંચાયત સચિવાલયોમાં અત્યાધુનિક ડિજિટલ પુસ્તકાલયો સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. આ મહિનાના અંત સુધીમાં ડિજિટલ પુસ્તકાલયો સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે.

પ્રસ્તુત છે આ અંગે એક અહેવાલ

V/C: SHUSIL-TIWARI

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## MADURO- FEDERAL COURT

**વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોએ ન્યુ યોર્ક સિટીની ફેડરલ કોર્ટમાં હાજરી દરમિયાન અનેક ફેડરલ આરોપોમાં પોતાને નિર્દોષ ગણાવ્યા.**

**ન્યુ યોર્કમાં અમેરિકી ફેડરલ કોર્ટ સમક્ષ પોતાની પહેલી હાજરી દરમિયાન, માદુરોએ તેમની ધરપકડની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો, અને દાવો કર્યો કે તેમને વેનેઝુએલાના કારાકાસમાં તેમના નિવાસસ્થાનેથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ નિવેદન સૂચવે છે કે તેમની કાનૂની બચાવ વ્યૂહરચનાનો મુખ્ય મુદ્દો એ હશે કે વિદેશી ધરતી પર અમેરિકી કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા તેમની ધરપકડ ગેરકાયદેસર કાર્યવાહી હતી.**

માદુરોની કાનૂની ટીમે આ ધરપકડને લશ્કરી અપહરણ તરીકે વર્ણવી છે અને દલીલ કરી છે કે મોડી રાતની આ  કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદા અને યોગ્ય પ્રક્રિયાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.

બચાવ પક્ષ વેનેઝુએલાના નેતાની અટકાયતની આસપાસના સંજોગો પર પ્રશ્ન ઉઠાવીને અમેરિકી  કોર્ટના અધિકારક્ષેત્રને પડકારી શકે છે.

## VENEZUELA DECREE US ATTACK

વેનેઝુએલાની સરકારે દેશમાં વિદેશી હસ્તક્ષેપ સામે હુકમનામુ બહાર પડ્યું છે. આ હુકમનામામાં રાષ્ટ્રપતિને વ્યાપક સત્તાઓ આપવામાં આવી છે અને વેનેઝુએલા પર અમેરિકી આક્રમણને પ્રોત્સાહન આપનાર અથવા સમર્થન આપનાર કોઈપણ વ્યક્તિની ધરપકડ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

શનિવારે જારી કરાયેલા આ હુકમનામા પર તત્કાલીન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ હુકમનામું કાયદાની જેમ કાર્ય કરશે અને 90 દિવસ સુધી અમલમાં રહેશે, જેમાં તેને બીજા 90 દિવસ માટે લંબાવવાનો વિકલ્પ પણ છે.

## UNSC MEETING-VENEZUELA

સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે વેનેઝુએલામાં અસ્થિરતા વધવાની સંભાવના અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે યુએસ લશ્કરી કાર્યવાહી અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડના પરિણામો અંગે ચેતવણી આપી હતી. સંયુક્ત રાષ્ટ્ર  સુરક્ષા પરિષદને

સંબોધતા ગુટેરેસે કહ્યું કે વેનેઝુએલામાં વિકસતી પરિસ્થિતિ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો છે.

તેમણે કહ્યું કે કોઈપણ દેશની પ્રાદેશિક અખંડિતતા અથવા રાજકીય સ્વતંત્રતા સામે બળનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પ્રતિબંધિત છે. તેમણે યુએન ચાર્ટર નું સંપૂર્ણ પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# IRAN PROTESTS

ઈરાનમાં ત્રણ વર્ષમાં સૌથી ખરાબ બળવો જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ થયાને દસ દિવસ વીતી ગયા છે. મુખ્ય શહેરોમાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો હિંસા વધશે તો તેઓ વિરોધીઓને ટેકો આપી શકે છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે સુરક્ષા વ્યૂહરચના અને આકસ્મિક યોજનાઓની સમીક્ષા કરવા માટે એક કટોકટી બેઠક યોજી હોવાના અહેવાલ છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## V/C: MRIGNAYNI-IRAN

દરમિયાન વિદેશ મંત્રાલયે માર્ગદર્શિકા જારી કરીને ભારતીય નાગરિકોને હાલ ઈરાનની બિન-આવશ્યક મુસાફરી ટાળવા વિનંતી કરી છે નિવાસી વિઝા પર

ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને ભારતીય દૂતાવાસમાં નોંધણી કરાવવાની સલાહ આપવામાં આવી છે.

# BANGLADESH

બાંગ્લાદેશમાં ઝેનૈદાહ જિલ્લાના કાલીગંજ ઉપ-જિલ્લામાં એક હિન્દુ મહિલાએ તેની પર ત્રાસ ગુજારવાનો અને સામૂહિક દૂષ્કર્મનો આરોપ લગાવ્યો છે

પોલીસે જણાવ્યું કે મહિલાએ 5 જાન્યુઆરીએ કાલીગંજ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો. આરોપીઓમાંથી એકની ધરપકડ કરવામાં આવી છે.

દરમિયાન ગઇકાલે સાંજે જેસોરના મોનીરામપુર ઉપજિલ્લામાં અજાણ્યા હુમલાખોરો દ્વારા એક હિન્દુ વેપારીની જાહેરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે

# CRICKET U-19 RESULT

બેનોનીમાં રમાયેલી બીજી પુરુષ અંડર-૧૯ એક દિવસીય મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને આઠ વિકેટથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ ભારતને ૨૪૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ખરાબ હવામાનને કારણે મેચ ૨૭ ઓવર સુધી ઘટાડી દેવામાં આવી.

ડકવર્થ-લુઇસ પદ્ધતિનો ઉપયોગ કરીને ભારતને ૧૭૪ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. ભારતે ૨૩.૩ ઓવરમાં બે વિકેટે ૧૭૬ રન બનાવીને મેચ જીતી લીધી હતી. આ સાથે ભારત ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની સરસાઈ મેળવી છે..

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ, ટ્રમ્પના ટેરિફ રેટ વધારવા, દિલ્હી રમખાણ કેસમાં આરોપીના જામીન નામંજૂર તેમજ બાંગ્લાદેશમાં હિંસાના સમાચારોને પ્રથમ પાને છાપ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે, મોદીએ મને ખુશ રાખવા રશિયા પાસેથી ક્રૂડની ખરીદી બંધ કરવી જ પડશે : ટ્રમ્પ
- સંદેશ લખે છે - મને ખુશ રાખવોએ મહત્વનું છે : ટ્રમ્પ
- નવ ગુજરાત સમયે લખ્યું છે. દિલ્હી રમખાણ કેસમાં સુપ્રીમે ઉમર ઇમામના જમીન ફગાવ્યાં ,પાંચ એક્ટિવિસ્ટનો છુટકારો
- સ્થાનિક સમચારોમાં દૂષિત પાણીથી વકરેલો રોગચાળો તેમજ સુરેન્દ્રનગર જમીન કૌભાંડ મામલે SITની રચના આ સમાચારો છપાયા છે.